# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-01-2025 Day : Thursday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

**PM –** ફસલ વિમા યોજના

કેન્દ્રીય મંત્રી મંડળે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના અને પુનઃરચિત હવામાન આધારિત પાક વીમા યોજના ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે.

ગઈકાલે નવી દિલ્હીમાં મંત્રીમંડળની બેઠક બાદ પત્રકારોને સંબોધતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે , આ યોજના હેઠળ ફાળવવામાં આવેલી રકમ વધારીને 69 હજાર 515 કરોડ રૂપિયા કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ વીમો લીધેલા 88 ટકા ખેડૂતો , નાના અને સીમાંત ખેડૂતો છે અને આ ખેડૂતોમાંથી 57 ટકા અન્ય પછાત વર્ગો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાંથી આવે છે. તેમણએ કહ્યું કે, છેલ્લા આઠ વર્ષમાં ખેડૂતોને વીમા યોજના હેઠળ 1 લાખ 70 હજાર કરોડ રૂપિયાની રકમ ચૂકવવામાં આવી છે. શ્રી વૈષ્ણવે કહ્યું કે, 2025ની પ્રથમ કેબિનેટ બેઠક ખેડૂતોને સમર્પિત છે.

------------------------------------------------------------------------------------------

## ભારત – પાક યાદીની આપ-લે

ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ સ્થાપનો અને અન્ય સુવિધાઓ પરના હુમલા અટકાવવા અંગેના કરાર હેઠળ બંને દેશોએ ગઈકાલે પરમાણુ સ્થાપનો અને અન્ય સુવિધાઓની યાદીની આપ-લે કરી હતી. આ દસ્તાવેજોની નવી દિલ્હી અને ઈસ્લામાબાદમાં વિવિધ રાજદ્વારી માધ્યમો દ્વારા આપ-લે કરવામાં આવી હતી. બંને દેશોએ આ સંબંધમાં 31 ડિસેમ્બર 1988ના રોજ એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા , જે 27 જાન્યુઆરી 1991થી અમલમાં આવ્યો હતો. જેમાં બંને દેશો દર વર્ષની પહેલી જાન્યુઆરીના રોજ કરાર હેઠળ આવરી લેવાતા પરમાણુ સ્થાપનો અને સુવિધાઓની એકબીજાને જાણ કરે છે.

---

## બનાસકાંઠાનું વિભાજન

રાજ્ય સરકારે ઉત્તર ગુજરાતના હાલના બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને વાવ-થરાદ નામનો નવો જિલ્લો બનાવવાની મંજૂરી આપી છે.

ગઈકાલે ગાંધીનગરમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ગુજરાતનો આ 34મો જિલ્લો હશે, જેનું મુખ્ય મથક થરાદ ખાતે હશે. ગુજરાત સરકારના પ્રવક્તા મંત્રી રૂષિકેશ પટેલે જણાવ્યું હતું કે, કેબિનેટે ગુજરાતની 9 નગરપાલિકાઓને મ્યુનિસિપલ કોર્પોરેશનનો દરજ્જો આપવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી છે , જેમાં નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, પોરબંદર અને ગાંધીધામનો સમાવેશ થાય છે. આ સાથે હવે ગુજરાતમાં 17 મ્યુનિસિપલ કોર્પોરેશન અને 149 નગરપાલિકા હશે.

---

## ગાંધીધામ મહાનગરપાલિકા

રાજ્ય સરકારે નવ નગરપાલિકાઓને મહાનગર પાલિકાઓનો દરજ્જો આપ્યો છે. જેમાં ગાંધીધામનો પણ સમાવેશ થાય છે. આ નવરચિત મહાનગર પાલિકામાં મ્યુનિસિપલ કમિશનરોની પણ નિયુક્તિ કરવામાં આવી છે. ગાંધીધામ મહા નગરપાલિકાના પ્રથમ કમિશનર તરીકે કચ્છના અધિક કલેકટર મિતેશ પંડ્યાની નિયુક્તિ થઈ છે. જયારે ડેપ્યુટી મ્યુનીસિપલ કમિશ્નર તરીકે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈની નિમણુક કરાઈ છે.

રાજ્ય સરકાર દ્વારા ગાંધીધામને મહાનગરપાલિકાનો દરજ્જો આપવાની કરવામાં આવેલી ઐતિહાસિક જાહેરાત થકી આ વિસ્તારના સર્વાંગી વિકાસને નવી દિશા મળશે તેવી આશા સાથે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ ખુશનીની લાગણી વ્યક્ત કરી છે. ગાંધીધામ ચેમ્બર પ્રમુખ મહેશ પૂજે જણાવ્યું હતું કે , દેશના સૌથી મોટા મહાબંદર કંડલા પોર્ટ, કાસેઝ, ઈફકો, અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોના વિકાસને નવું બળ મળશે.

---

## સોનલબીજની ઉજવણી

કચ્છ ચારણસભા અને સોનલ બીજ સમિતિ દ્વારા ગઇકાલે માંડવી ખાતે આઈ સોનલ માના 101મા જન્મોત્સવ સોનલ બીજની ઉજવણી કરાઈ હતી. સવારે વાજતે - ગાજતે શોભાયાત્રા નીકળી હતી. સમાજસેવા અને શિક્ષણ માટે યોગદાન આપનાર ભીમશી બાપાનું વિશેષ સન્માન કરાયું હતું અને દાતાઓના સહયોગથી 51 લાખ 51,000ની રકમ અર્પણ કરાઈ હતી. સોનલ બીજ સમિતિ દ્વારા સમાજના 216 તેજસ્વી વિદ્યાર્થીને સન્માનિત કરાયા હતા. તો મુન્દ્રા તાલુકાના વોવાર ગામે પણ સોનલ માના જન્મોત્સવની ઉજવણી કકરાઇ હતી. ગામમાં વિશાળ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ચારણી રાસ , સાંસ્કતિક કાર્યક્રમ, દાંડિયારાસ અને વિદ્યાર્થી તથા શિક્ષકોનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. સોનલ માના પ્રાગટ્ય ઉત્સવની કચ્છમાં જુદા જુદા સ્થળોએ ઉજવણી કરવામાં આવે છે.

---

## હવામાન

જિલ્લામાં ઠારનું સામ્રાજ્ય યથાવત રહ્યું હતું. પરોઢે ડંખીલા વાયરાથી ઠંડીની ધાર વધુ તિક્ષ્ણ બની હતી. જોકે , સૂર્ય નારાયણ તપતા દિવસ દરમિયાન હુંફાળુ વાતાવરણ અનુભવાયું હતું.

રાજ્યના સૌથી શીતમથક નલિયાનું લઘુત્તમ તાપમાન ૬.૪ ડિગ્રી , ભુજનું ૧૧.૪ અને કંડલામાં ૧૧.૪ ડિગ્રી નોંધાયું હતું. ગઈકાલે હવામાન વિભાગે સપ્તાહ અંત સુધી ઠારનો પ્રભાવ યથાવત રહેવાની આગાહી કરી છે. ઠંડીના પગલે સાંજ ના ભાગે બજારો અને માર્ગો પર લોકોની ચહલ પહલ પાંખી રહી હતી.

------------------------------------------------------------------------------------------